વડીલોને વંદન અભિનંદન

આજે જન્મદિવસ

મનોરમાબેન બી. ઠક્કર
(૧૯૫૨) ફોન. ૨૩૨૨૮૭૨૫

હરિભક્તો રામમંત્ર લેખનની બૂક વિનામૂલ્યે મેળવી શકશે

ગાંધીનગર, તા. ૨

પરમ પૂજનીય મોરારિબાપુની પ્રેરક પ્રેરણાથી રામ મંત્ર લેખનનું અભિયાન હાલ કાર્યરત છે. તેના ભાગરૂપે ડ્રીમલેન્ડ પરિવાર તરફથી વિનામુલ્યે આ મંત્ર લેખનની બુક-લાલ બોલ પેન આપવામાં આવશે.

જે રામ ભક્તો આવા મંત્ર લેખન લખવાની ઈચ્છા ધરાવતા વ્યક્તિઓએ સવારે ૧૦.૩૦ કલાકથી ૬ કલાક દરમિયાન ૩૦૨, શાલીન કોમ્પ્લેક્ષ, સેક્ટર-૧૧, ગાંધીનગરથી વિનામુલ્યે મંત્રલેખન બુક મેળવી લેવી અને મંત્રલેખન કરીને પરત મોકલી આપવા જણાવ્યું છે.

ગુજરાતનાં ગામોમાં વાદ નહીં, વિવાદ નહીં પણ વિકાસનું ઉત્તમ વાતાવરણ : મુખ્યમંત્રી

એક જિલ્લા પંચાયત, એક તાલુકા પંચાયત અને પાંચ ગ્રામ પંચાયતોને ઉત્તમ પારદર્શી વહીવટ માટે ૧.૦૩ કરોડ

ગાંધીનગર, તા. ૨

મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આજે એપ્રિલ-૨૦૧૨માં યોજાયેલી ચૂંટણીમાં સમરસ બનેલી ગ્રામ પંચાયતોના સરપંચો, મહિલા સમરસ સરપંચો અને સદસ્યોના સંમેલનમાં રૂા. ૧૦.૮૬ કરોડના વિકાસ પ્રોત્સાહક અનુદાનો, ૪૨૨ સમરસ ગ્રામ પંચાયતોને આપતા જણાવ્યું કે, ગુજરાતના ગામડાંઓમાં વાદ નહીં, વિવાદ નહીં પણ વિકાસની સ્પર્ધાનું વાતાવરણ ભું થયું છે તેને ઉત્તમ વહીવટ કરવાનો અવસર ગણીને વિકાસ માટે સમરસ ગામને ભાગીદાર બનાવવાનું નેતૃત્વ પુરું પાડવા પ્રેરક અનુરોધ કર્યો હતો.

સમરસ બનેલી ૪૨૨ ગ્રામ પંચાયતોના સરપંચો અને સદસ્યોને અભિનંદન આપતાં શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે, આખા ગામે ભરોસો મૂક્યો છે. ગામમાં એવું નહીં હોય કે, બીજા શક્તિશાળી કે ચઢિયાતાં ન હોય પણ ગામના સમસ્ત હિત માટે એમણે પોતાનો દાવો જતો કરીને તમને સ્વીકાર્યા તેઓ પણ અભિનંદનના અધિકારી છે અને એવા અનેક ગામો છે જ્યાં જે લોકો દિવસ-રાત સમરસ ગામનો વિરોધ કરતા રઝા છે તેમણે છેલ્લી ઘડીએ દૂધપાકમાં લીંબું નીંચોવી દઈને કોઈને ખાવા નહીં દેવું એવી મનોવૃત્તિથી ગામનું સમરસતાનું વિકાસનું વાતાવરણ બગાડ્યું છે. તેમણે હવે ગામના લોકો બરાબર ઓળખી ગયા છે એમ પણ સમરસ પંચાયતોના સંમેલનના હર્ષનાદો વચ્ચે જણાવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, આવા લોકોના કારણે સમરસ ગામ બનાવવા માટે નેવાના પાણી મોભે ચડાવીને પણ ગામના વડીલો, આગેવાનો પણ અભિનંદનને પાત્ર છે. જ્યારે જે ગામોએ સમરસ સરપંચ તરીકે મહિલાને પસંદ કર્યા છે અને બે તૃતીયાંશ જગ્યા જતી કરીને મહિલાઓની શકિતને તક આપી સમસ્ત ગામે એક બનીને, સંપથી આખી ગ્રામ પંચાયતનો કારોબાર સોંપી દીધો છે તે પણ અભિનંદનને પાત્ર છે.

મુખ્ય મંત્રીશ્રીએ જણાવ્યું છે કે, આજે ગુજરાતમાં અનેક સમરસ ગામો છે જેમણે મહિલા શક્તિ ઉપર મૂકેલો ભરોસો સાર્થક બનાવ્યો છે અને પુરુષોએ પોતાનો હક્ક જતો કર્યો છે અને આ માતૃશક્તિ, નારીશક્તિએ પણ પૂરી તાકાતથી વિકાસ માટેના કદમમાં કદમ મિલાવી સારો વહીવટ આપ્યો છે.

આજે ગામડાંમાં વિકાસની એવી ભૂખ જાગી છે કે, બદલાયેલા જમાનાની વિકાસની આધૂનિક ગતિવિધિઓ એક માત્ર જ્યોતિગ્રામથી ૨૪ કલાકની વીજળી આવી તે અવસરને વધાવી લીધો એમ પણ તેમણે જણાવ્યું હતું.

સમાચાર ઝલક

- ગાંધીનગરમાં જીવરાજ મહેતા ભવનની છત પરથી સૌર ઉર્જાનું પ્રથમ ઉત્પાદન થશે : એઝથોર પાવર.
- ચારધામની યાત્રામાં કેદારનાથમાં વિઘ્ન : બરફ વર્ષા ચાલુ.
- એક મહિના સુધી માંગલિક પ્રસંગો પર બ્રેક - શુભ મુહુર્ત નથી.
- ખેડા જિલ્લામાં વ્યસન મુક્તિ માટે ગામેગામમાં બહેનોની આહલેક.
- લસણના ભાવોમાં મંદી ખેડૂતોની માઠી દશા.
- કેબલમાં ૧૦૦ રૂપિયામાં ૧૦૦ ટી.વી. ચેનલ જોવા મળશે, ટ્રાઇના નિયમો જૂન માસથી અમલી બનશે.
- ઓરિસ્સામાં અપહરણ કરાયેલ કલેકટરશ્રી મેનનની મુક્તિ હાથવેંતમાં.
- મેડિકલ એન્ટ્રન્સમાં હવે ફિંગર પ્રિન્ટ ફરજિયાત.
- દાહોદમાં ગુજરાત સ્થાપના દિનની મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીની ઉપસ્થિતિમાં શાનદાર ઉજવણી.
- સૂરતમાં બાંધકામ ઉદ્યોગ વૈશ્વિક મહામંદીની અસરમાં.
- રાધનપુરમાં જૈન દેરાસરમાં આઠ લાખની ચોરી : જૈન સમાજમાં રોષ.
- રાષ્ટ્રપતિના ઉમેદવારના પ્રશ્નમાં એન.ડી.એ.માં શરદ યાદવ અને સુષ્મા સ્વરાજના ધમપછાડા.
- સિધ્ધપુરના બિલિયામાં આશારામ બાપુની શિબિરની તડામાર તૈયારીઓ.

એ.ટી.વી.ટી. અંતર્ગત આ વર્ષે ૪૦૦ કરોડનાં વિકાસ કામો થશે : આનંદીબેન

ગાંધીનગર, તા. ૨

આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો યોજના અંતર્ગત જિલ્લાઓને રૂ. ૪૦૦ કરોડથી પણ વધુ ફંડની ફાળવણી કરવામાં આવીહોવાનું જણાવતાં મહેસુલ મંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલે જણાવ્યું હતું કે ગ્રામ્ય વિસ્તારના વિકાસ માટે આ નાણાં વાપરવામાં આવનાર છે.

આજે ગાંધીનગર ખાતે મહાત્મા મંદિરમાં સરપંચોને સંબોધતાં તેમણે જણાવ્યું હતું કે એ.ટી.વી.ટી. યોજનામાં ૧૫૮ પ્રકારની સેવાઓ આપવામાં આવનાર છે. જેમાં મળેલ અરજીઓનો સમયમર્યાદામાં નિકાલ કરવાની જોગવાઈ છે. જેને કારણે ગ્રામજનોના પ્રશ્નોનો નિકાલ સમય-મર્યાદામાં થશે.

તેમણે જણાવ્યુ હતુ કે આ યોજના વહીવટીતંત્રનું સરળીકરણ તેમજ પારદર્શક બનાવનારી છે. તેમણે આ માટે સરપંચોને વધુ સક્રિય બનવા માટે હાકલ કરી હતી.

મહેસુલ મંત્રી શ્રીમતિ પટેલે જણાવ્યુ હતુ કે ગ્રામ્ય વિસ્તારના પ્રશ્નોના ઝડપી ઉકેલ માટે કલસ્ટર યોજના પણ એ.ટી.વી.ટી. અંતર્ગત અમલમાં મુકવામાં આવી છે. તેમણે જણાવ્યું હતું કે દરેક તાલુકામાં પાંચથી છ ગામોનું એક જૂથ બનાવવામાં આવ્યું છે.

તેમણે જણાવ્યું હતું કે સરકાર વિકાસના કામોનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચાડવા માટે કટિબદ્ધ છે.

હું એક સર્જક છું

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

માત્ર ખૂબીઓથી જ નહીં પરંતુ ખામીઓથી પણ અવગત છે. એમના જ શબ્દોમાં, 'બેઝીકલી આઈ એમ અ સ્ટોરી ટેલર. મારામાં મેનેજમેન્ટ સ્કીલ્સ બહુ સારી નથી, પણ ક્રિએટીવ આઉટપુટ હું સારા આપી શકું એમ છું.' અને એ સાચું પણ છે.

આ કામ અગાઉ એમણે મલ્ટીમિડીયાનું શિક્ષણ લીધું છે, નાટકો તથા ગુજરાતી ફિલ્મોમાં અભિનય પણ આપ્યો છે અને ૩ શૉર્ટ ફિલ્મ તથા ૧ મ્યુઝીક વિડીયોનું સર્જન કર્યું છે, જે પૈકી 'ધ ટ્રીકર્સ' નામની શૉર્ટ ફિલ્મ રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધામાં પ્રથમ ક્રમે વિજેતા બની છે.

તેજસ્વી આંખોમાં ઉજ્જવળ સ્વપ્નો ભરીને બેઠેલા આ યુવાન સિલ્વર સ્ક્રીન ક્ષેત્રે જ પોતાની કેરિયર બનાવવાનો નિર્ધાર કરી ચૂક્યા છે. અલબત્ત, અભિનય અથવા નિર્દેશન એ બાબતે કોઈ ચોક્કસ નિર્ણય નથી કર્યો, તક જે મળે તે સ્વીકારવાની તૈયારી છે. હા, અભિનયનો અનુભવ ને સૂઝ છે અને દેખાવ પણ સુંદર છે. એ કારણે જ ભવિષ્યમાં પ્રતિભાના પ્રાર્થી આ યુવાન કોઈ ફિલ્મ કે ટીવી શ્રેણીમાં જોવા મળે તો નવાઈ નહીં. એ માટે મૂળ ગાંધીનગરના આ ગરવા યુવાનને હાર્દિક શુભકામનાઓ.

(ખાસ આભાર : શ્રીમતી સોનલ બક્ષી અને શ્રીમતી નીતા રાવલ)

ખેડૂતોની આવકમાં...

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઉત્પાદનમાં ૫ ટકાનો વધારો થયો છે તેના પ્રમાણમાં જે આવક મળવી જોઈએ તે નહિ મળી હોવાનું પણ આગેવાનોએ જણાવ્યું હતું.

દરમિયાન ગાંધીનગર જિલ્લામાં પશુપાલનનો વ્યવસાય પણ સારો એવો વિકસ્યો છે. દૂધ ઉત્પાદનમાં પણ નોંધપાત્ર સિધ્ધિઓ જિલ્લાએ મેળવી અને રાજયમાં અગ્રીમ સ્થાન મેળવ્યું છે.

મળતી વિગતોપ્રમાણે ૨૦૦૮-૦૯માં દૂધ ઉત્પાદનની આવક પશુપાલકોને રૂ. ૧૮૬.૩૧ કરોડ જેટલી થઈ હતી. જે ૨૦૦૯-૧૦માં વધીને રૂ. ૩૯૫.૪૩ કરોડ થઈ હતી. ૨૦૧૦-૧૧માં આ આવક રૂ. ૪૪૫.૩૨ કરોડ અને ૨૦૧૧-૧૨માંતેવધીને ૪૯૯.૮૫ કરોડ જેટલી થવા પામી છે.

પશુપાલકો પણ આવક ઓછી થઈ હોવાનું જણાવતાં કહી રહ્યા છે કે જે રીતે પશુ દાણ અને પશુઓના આરોગ્ય અને નિભાવણીનો ખર્ચ વધી રહ્યો છે તેની તુલનામાં આવકમાં કોઈ ખાસ વૃધ્ધિ કહી શકાય નહિ. રાજયમાં ગાંધીનગર જિલ્લો પશુધનની ગીચતા એક કિ.મી. વિસ્તારમાં સૌથી વધુ ધરાવે છે. આ ઉપરાંત જિલ્લામાં સરેરાશ ૨.૫ ટકા જેટલું દૂધ ઉત્પાદન વધી રહ્યું છે પણ દૂધન પોષણ ક્ષમ ભાવો નહિ મળતાં હોવાની લાગણી પણ પશુપાલકોએ વ્યકત કરી છે.

બીજી તરફ જિલ્લાનું ખેતીવાડી તંત્ર કૃષિ મહોત્સવની ઉજવણી અને વૈજ્ઞાનિકો દ્વારા સચોટ માર્ગદર્શનને કારણે જિલ્લામાં કૃષિ ઉત્પાદન ૫ ટકા સુધી વધ્યું હોવાનો દાવો કરી રહેલ છે. જિલ્લાના ખેડૂતોની આવકમાં પણ નોંધપાત્ર જેટલો વધારો છેલ્લા ચાર વર્ષમાં સારા ચોમાસાને કારણે થયો હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

જિલ્લામાં ખેડૂતોના પાકોના વેચાણ માટે બજારોની સંખ્યા ઓછી હોવાનો આડકતરો એકરાર પણ તંત્રના સૂત્રો કહી રહ્યા છે.

ખેડૂતોના આગેવાનો એવું માની રહ્યા છે કે ખેડૂતોને કૃષિ વિકાસ માટે જરુરી એવી સિંચાઈ સુવિધા નહિવત છે તેમજ આકાશી ખેતી પર વધારે નિર્ભર રહેવું પડે છે. જિલ્લામાં પાણીપત્રકો પણ સમયસર નહિ મળતા હોવાની રજુઆત વારંવાર તંત્રને કરવા છતાં તંત્ર દ્વારા આ અંગે કોઈ અસરકારક પગલાં લેવામાં આવ્યા નહિ હોવાનું જાણવા મળેલ છે.

જ્યોતિ મહિલા મંડળના ઉપક્રમે મહિલા માર્ગદર્શન સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા. ૨

જ્યોતિ મહિલા મંડળ, ગાંધીનગર દ્વારા નગરની અન્ય મહિલા સંસ્થાના સહયોગથી અરવિંદ કેન્દ્ર, સેકટર-૨૩ ખાતે નગરની બહેનો માટે ગુનાખોરી ડામવા અને રોજીંદા જીવનમાં પડતી મુશ્કેલી સામે પોલીસ સહયોગ મેળવવા માટે માર્ગદર્શન પુરું પાડતો એક સેમિનાર યોજાઈ ગયો.

મહિલા માર્ગદર્શન સેમિનારની બેઠકમાં અધ્યક્ષસ્થાને જિલ્લા પોલીસ વડા અર્ચના શિવહરે ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે બહેનોને ગુનેગારોથી બચવા માટે માર્ગદર્શન પુરું પાડ્યું હતું. દીકરીઓને શિક્ષિત કરો અને પગભર બનાવો જેથી આવનારા સમયમાં મુશ્કેલી સામે લડી શકે તેમણે વધુમાં એમ પણ જણાવેલ કે, ઘરફોડ ચોરીથી બચવા માટે વરંડામાં લો વોલ્ટેજનો બલ્બ આખી રાત ચાલુ રાખવાથી પૂરી શેરીમાં અજવાળું રહેશે જેથી ગુનાખોરી અટકાવી શકાશે તેમજ સંબંધિત વિભાગો સાથે ચર્ચા કરી પૂરક વ્યવસ્થા ગોઠવી અને સાથ સહકાર આપવાની ખાત્રી જણાવી હકારાત્મક અભિગમ દર્શાવ્યો હતો. નારી સંરક્ષણ ગૃહની બહેનોએ પ્રાર્થના કરી હતી. લતાબેન ચોકસીએ સ્વાગત પ્રવચન કર્યું હતું. મમતાબેન રાવલે મહેમાનોનો પરિચય આપ્યો હતો. કુ. ચેતના બૂચે સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન કર્યું હતું. રક્ષિતાબેન ઉપાધ્યાયે આભાર વિધી કરી હતી. શર્મિષ્ઠાબેન દવે, કુસુમબેન તન્ના, ઉષાબેન ગજ્જર, શાંતાબેન શ્રીમાળી ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં.

શબ્દાવલી - ૪૭૧૮

૧		૨		■	૩		૪
	■		■	૫		■	
૬	૭	■	૮	■	૯	૧૦	
૧૧		૧૨		■	૧૩		■
■	૧૪			■	■	૧૫	૧૬
૧૭	■	૧૮			■	૧૯	
૨૦	૨૧	■		■	૨૨	■	
૨૩				૨૪			

આડી ચાવી

૧. બગડી જવું (૪)
૩. ઈચ્છા, મહત્વાકાંક્ષા (૩)
૫. રૂપાળા, ધોળા (૨)
૬. આભાસ થવો (૨)
૯. ધરાહાર, પરાણે (૩)
૧૧. ગીચડમમાં, એકદમ ભરચક (૪)
૧૩. ફેંક, જવાદે, ઘા કર (૨)
૧૪. સીધુ, વળેલું નહિ તેવું (૩)
૧૫. રામના ધર્મ પત્ની, વૈદેહી (૨)
૧૮. 'પરત' શબ્દ આડોઅવળો છે (૩)
૧૯. સિંહની ગરદન પરના વાળા (૨)
૨૦. નસીબ, ભાગ્ય (૨)
૨૩. ધારદાર ભેખડ (૩)
૨૪. ફૂલોનો બાગ કે વાડી (૪)

ઊભી ચાવી

૧. મહાભાગ્યશાળી (૪)
૨. એક વાદ્ય, ડફલી (૨)
૩. દેવને પ્રસન્ન કરવા કરાતી સ્તુતિ પૂજા (૪)
૪. શોભા માટે ટંગાતો બિલોરી કાચ કે સુશોભિત કાચનો દીવો (૩)
૭. અચૂક, નિષ્ફળ ન જાય તેવું (૩)
૮. પરચુરણ, કચરા જેવું નકામું (૫)
૧૦. રાખસી, કુતરીયા દાંત (૪)
૧૨. એક વાદ્ય (૩)
૧૬. તાડના વૃક્ષનું ફળ (૪)
૧૭. મોટા પાનની એક ભાજી (૩)
૨૧. કમર, કેડ (૨)
૨૨. ચામડુ, ચામડી (૨)

શબ્દાવલી ૪૭૧૭ના જવાબ

આડી ચાવી :- (૧) સડેકડું (૩) સીમાડો (૬) રસ (૭) ટસલ (૮) વેરાન (૧૧) ટટળાવવું (૧૩) લાફી (૧૫) હાશ (૧૬) જાપટ (૧૭) ઉર (૧૮) ખાતર (૧૯) નિભાડો (૨૧) વાત (૨૩) સાજન (૨૪) નાહક

ઊભી ચાવી :- (૧) સરકીટ હાઉસ (૨) ટેસ (૩) સીટ (૪) માસ (૫) ડૉલ (૮) વેળા (૯) રાવણ (૧૦) નવુ (૧૨) ટશર (૧૩) લાપરવાહ (૧૪) ફીટ (૧૬) જાત (૧૮) ખાડો (૧૯) નિજ (૨૦) ભાન (૨૨) તક

પ્રકૃતિની સંવેદનાના ટહુકા (પાના નં. ૪ નું ચાલુ)

"બરાબર છે, વૃક્ષ એવું જ અનુભવતું હશે ને? તેમના પ્રત્યે ક્રૂર ના બનો. ક્રૂરતા એ જ પાપ છે. કોઈ પણ બહાના હેઠળ તેવું આચરણ ન કરવું જોઈએ." મહર્ષિએ ઉપદેશ્યું.

આ છે પ્રકૃતિ પ્રત્યેની સંવેદનાનો ટહુકો! મહાપુરૂષો પોતાની દિવ્ય આત્મિક શક્તિ અને દૃષ્ટિથી પ્રકૃતિ સાથે વાતો કરી શકતા હોય છે.

મહારાષ્ટ્રના સંત નામદેવ. નાના હતા ત્યારની વાત. એમની માતા બીમાર પડ્યા હતા. એમની દવા માટે પલાશ નામના ઝાડની છાલની જરૂર પડી. માતાએ નામદેવના હાથમાં કુહાડી મૂકીને કહ્યું, "જા દીકરા! પલાશની થોડી છાલ ઉતારી લાવ." નામદેવ ગયો અને છાલ લઈને આવ્યો. પણ એનો ચહેરો ઉદાસ ઉદાસ થઈ ગયો. ત્રણ-ચાર દિવસ એ ઉદાસ ચહેરે ફરતો રહ્યો. પાંચમે દિવસે એની માતા એક દૃશ્ય જોઈને એકદમ ગભરાઈ ગયાં. એમણે નામદેવની ધોતી ઉપર લોહીના ડાઘ જોયા. એમને લાગ્યું કે નામદેવ કદાચ ઝાડ ઉપર ચડતાં ચડતાં પડી ગયો હશે.

માતાએ નામદેવને નજીક બોલાવીને પૂછ્યું. "દીકરા! આ લોહીના ડાઘ શાના? તમે કયાંક વાગ્યું તો નથી ને?"

નામદેવે શાંતિથી કહ્યું, "ના, માતા! વાગ્યું નથી. એ તો મેં જ જરા કુહાડીથી..."

"કુહાડીથી શું...?" માતાની રાડ ફાટી ગઈ.

નામદેવ કહે, "કુહાડીથી જરા ચામડી ઉતારી છે." માતાએ એકદમ નામદેવને પોતાની નજીક ખેંચી લીધો. એની ધોતલી આઘી કરીને જોયું, તો સાથળ ઉપર મોટી હથેલી જેટલી જગ્યા પરથી ચામડી ઉતરી ગયેલી હતી. માંસ તગતગતું હતું. લોહીના રેલા ઊતરતા હતા.

માતા બોલી ઊઠ્યા, "તેં જાતે આ ચામડી ઉતારી? કેમ?"

નામદેવ એક પણ સિસકારો કર્યા વિના બોલ્યો, "માતા, તે દિવસે તેં મને પલાશની છાલ લાવવાનું કહ્યું હતું ને? તે તો હું કાપી લાવ્યો. પણ પછી મને થયું કે છાલ તો પલાશની ચામડી કહેવાય! એ ઉતારવાથી એને દુઃખ નહીં થયું હોય? કેવુંક દુઃખ થયું હશે? એ જાણવા માટે જ મેં મારી ચામડી ઉતારી જોઈ. માળું, ભારે વેદના કરે છે હોં આઈ!"

આઈ તો બિચારાં આ દેવ જેવા દીકરા સામે તાકી જ રહ્યા. હસવું કે રડવું એ પણ એમને સમજાયું નહીં.

ઘણીવારે આઈ બોલ્યા, "એક મૂંગા ઝાડની વેદના માટે આટલી ચિંતા કરનારો છોકરો તો સંત બની જાય. તું મારે ખોળે દેવ પાક્યો છે દીકરા!"

... અને ખરેખર નામદેવ એક મહાન સંત થયા... સંવેદનાથી સંત! પ્રકૃતિની સંવેદનાના ટહુકા સાંભળી શકે તે સંત કહેવાય.

એક કવિએ કહ્યું છે, **"NATURE IS A POEM WITHOUT WORDS!"**

શબ્દ વિનાની - નિઃશબ્દ પણ સતત ગુંજારવ કરતી પ્રકૃતિ આપણી ચારે બાજુ છે. એનો ધબકાર સાંભળીએ...

અપમાનજનક વ્યવહાર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગૌરવ દિનની ઉજવણીમાં મહા-નગરપાલિકાના નગરસેવકોને નિમંત્રણ નહિ અપાયાના સ્વૈચ્છિક સંસ્થાના આગેવાનોનો સહકાર નહિ મેળવવાના અહેવાલો અખબારોમાં પ્રગટ થયા બાદ આજ વિવાદના મુદ્દામાં હવે ધી ગુજરાત ફેડરેશન જોડાતાં એક નવો જ વળાંક આવ્યો છે.

ધી ગુજરાત સચિવાલય ફેડરેશનના હોદ્દેદારો જણાવે છે કે, રાજયની સ્થાપના ૫૨ મા વર્ષની ઉજવણીના ભાગરૂપે સચિવાલય સંકુલની બહાર ડૉ. બાબા સાહેબ આંબેડકરની પ્રતિમા પાસે રાજય સરકાર દ્વારા સચિવાલયના અધિકારીઓ/કર્મચારીઓના ઉપક્રમે માર્ચપાસ્ટ, ટેબલો પરેડ તથા આતશબાજીનો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. સચિવાલયના અધિકારી/કર્મચારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહે અને કાર્યક્રમને સફળ બનાવવા માટે સચિવાલય ફેડરેશનના હોદ્દેદારો સાથે ચર્ચાવિચારણા કરી, કાર્યક્રમને સફળ બનાવવાને ઉમળકાભેર ઉપસ્થિત રહેવા પત્રિકા દ્વારા તથા ફેડરેશન પોતાની આંતરિક વ્યવસ્થા દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા જેને કારણે ખૂબ મોટી સંખ્યામાં સચિવાલયના અધિકારીઓ/કર્મચારીઓ નિશ્ચિત સમયે કાર્યક્રમના સ્થળે જવા માટે સચિવાલય સંકુલના ગેટ નં. ૭ પાસે એકઠા થયા હતા. પરંતુ સલામતીના આદેશોને કારણે ગેટ નં. ૭ બંધ રાખવામાં આવેલ. કાર્યક્રમના સ્થળે પહોંચવા તમામ રસ્તાઓ અગાઉથી વાહન વ્યવહાર માટે બંધ કરવામાં આવ્યા હતા. જેથી સચિવાલયના અધિકારીઓ/કર્મચારીઓ પોતાના વાહનો સચિવાલય સંકુલમાં રાખીને કાર્યક્રમ સ્થળે જવા માટે ગેટ નં. ૭ પાસે એકઠા થયા હતા. સ્વાભાવિકપણે સચિવાલયના બાકીના કોઈ પણ ગેટથી કાર્યક્રમના સ્થળે ચાલતા જવા માટે ઓછામાં ઓછું બે થી ત્રણ કિમીનું અંતર કાપવું પડે, જેથી આ બાબતે સામાન્ય વહીવટ વિભાગના અધિક સચિવશ્રી (સેવા) શ્રી હર્ષ બ્રહ્મભટ્ટ સાહેબનું ફોન દ્વારા ધ્યાન દોરતાં તેઓએ તાત્કાલિક ઉચ્ચકક્ષાએ વાત કરીને ગેટ નં. ૭ સચિવાલયના અધિકારી/કર્મચારીઓને કાર્યક્રમના સ્થળે ચાલતા જવા માટે ખોલવામાં આવ્યો હતો. ત્યારબાદ કાર્યક્રમના સ્થળે આ સચિવાલયના અધિકારી/કર્મચારીઓને પ્રવેશ આપવામાં આવ્યો ન હતો, કેટલાક સલામતી કર્મચારીઓ દ્વારા અપમાનજનક રીતે સચિવાલયના અધિકારી/કર્મચારીઓને કાર્યક્રમના સ્થળ પરની બેઠક વ્યવસ્થામાં જતાં રોકવામાં આવ્યા હતા. સચિવાલયના અધિકારી/કર્મચારીઓને દુરથી કાર્યક્રમ જે ચાલુ જ થઈ ગયો હતો તે જોવા દેવાની પણ પરવાનગી આપી ન હતી. જેને કારણે આ તમામ સચિવાલયના અધિકારી/કર્મચારીઓ કાર્યક્રમનો બહિષ્કાર કરીને ત્યાંથી સચિવાલય સંકુલમાં પરત આવી ગયેલ.

જયારે સરકાર દ્વારા અને ખાસ કરીને સચિવાલય દ્વારા સચિવાલયના અને વિધાનસભા સચિવાલયના અધિકારી/કર્મચારીઓના સહયોગથી કાર્યક્રમ યોજાતો હોય ત્યારે સચિવાલયના જ અધિકારી/કર્મચારીઓની આ પ્રકારની ઘોર ઉપેક્ષા થાય તે સચિવાલયના અધિકારીઓ/કર્મચારીનું અપમાન છે. રાજય સરકાર દ્વારા અગાઉથી અમારી સાથે પરામર્શ કરીને કાર્યક્રમમાં સામેલ થવા આમંત્રણ આપવામાં આવ્યું હતું. જે ફકત વીઆઈપી અધિકારીઓ/મહાનુભાવો માટે જ કાર્યક્રમ હતો અને અમારા માટે કોઈ જ વ્યવસ્થા ન હતી તો પછી અમને આ કાર્યક્રમમાં શા માટે સામેલ કરવામાં આવ્યા તે સમજી શકાતું નથી? અમો પણ રાજયના નાગરીકો છીએ અને રાજયની સ્થાપનાની ઉજવણી અમને પણ એટલી જ મહત્વની લાગે છે.

સાધકો જોડાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સાથે વિશ્વશાંતિની શરૂઆત પોતાનાથી જ થાય તે માટેના પ્રયાસો કરવામાં આવે છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, આ શિબિરમાં ૧૨ વર્ષથી ઉપરના વ્યક્તિઓ ભાગ લઈ શકશે. જ્યારે શિબિરમાં આવનારા મિત્રો માટે અમદાવાદથી ૫૦ જેટલી એસ.ટી. બસોની વ્યવસ્થા પણ ગોઠવવામાં આવી છે. આ ઉપરાંત હિંમતનગર, ખેડા, નડિયાદ સહિતના સેન્ટરો પરથી જરૂરી બસ વ્યવસ્થાનું આયોજન કરવામાં આવ્યું છે. શિવકૃપાનંદ સ્વામીના સાનિધ્યમાં યોજાનારી આ શિબિરનો લાભ લેવા નગરજનોને જણાવાયું છે.

જવાનની ફાળવણી...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કાયદો-વ્યવસ્થાની સ્થિતિ વધુ મજબૂત બનશે તેવો સૂર ઉઠવા પામ્યો છે. જિલ્લા પોલીસતંત્રમાં ૧૮૦ લોકરક્ષકોનો સમાવેશ કરાયા બાદ જિલ્લાના વિવિધ પોલીસ મથકોમાં ખાસિયત મુજબ લોકરક્ષકની ફાળવણી માટેની પ્રક્રીયા પણ પૂર્ણ કરી દેવાઈ છે. ઈન્ફોસીટી પોલીસ સ્ટેશનને અનુલક્ષી એક પી.એસ.આઈ., અન્ય પાંચ જવાનોને ફરજ સોંપવામાં આવી છે. જેના પરીણામે ઈન્ફોસીટી પોલીસ સ્ટેશન પણ ટૂંક સમયમાં જ કાર્યાન્વિત થાય તેવી સંભાવના છે.

નિરામય (પાના નં. ૪ નું ચાલુ)

⇨ *હાડકાઓને લગતા રોગોમાં લાક્ષાદિ ગૂગળ ખૂબ અસરકારક છે. ગૂગળ વડે હાડકાને લગતાં ભયંકર રોગોમાં (જેવા કે બોન ટી.બી.) પર સારા પરિણામો જોવા મળ્યા છે.*

⇨ *પુરૂષો તેમજ સ્ત્રીઓને લગતા જનનદોષોમાં પણ ગૂગળ તથા ગૂગળના યોગો ઉપયોગી છે.*

⇨ *વજન ઉતારવા માટે પણ ગૂગળ અસરકારક છે. ગૂગળ જૂનો હોવો જોઇએ. જૂનો ગૂગલ શરીરના મેદને અસરકારક રીતે ઘટાડે છે.*

⇨ *ગૂગળ ઉત્તેજક, કિટાણુનાશક, દુર્ગંધહર તથા કફનો નાશ કરનાર છે. જૂના કફ રોગોમાં જ્યારે અતિશય ચીકણો કફ પડતો હોય અને કફ છાતીમાં ભરાઇ ગયો હોય ત્યારે ગૂગળ આપી શકાય.*

⇨ *ગૂગળના સેવનથી શરીરમાં રક્તમાંના શ્વેતકણો તેમજ રક્તકણો વધે છે. ગૂગળ ખાધા બાદ ચામડી મારફત બહાર નીકળે છે. (પરસેવા સ્વરૂપે) આપી ચામડીના રોગોમાં પણ આપી શકાય.*

ઘણા લોકો, ખાસ કરીને જેની પિત્તપ્રકૃતિ હોય તેવાને ગૂગળ ગરમ પડી શકે છે આથી પોતાની પ્રકૃતિ જાણ્યા બાદ વિવેક બુધ્ધિપૂર્વક તેમજ ચિકિત્સકની સલાહનુસાર ગૂગળનો કે તેના યોગોનો ઉપયોગ કરવો ઇચ્છનીય છે.

- મો. ૯૮૭૯૪૭૧૧૪૭